# એડમિશન એ બેડમિશન ન બને તે માટે  શું ધ્યાનમાં રાખશો?

અત્યારે શિક્ષણક્ષેત્રે પરિણામ બહાર પડવાની સિઝન ચાલી રહી છે. પરિણામથી સંતોષ કે અસંતોષની પ્રક્રિયા સ્વાભાવિક છે. સંતોષ થાય કે અસંતોસ થાય પણ દરેક વિદ્યાર્થીએ પોતાના મિશનમાં કશુંક એડ કરવા માટે ક્યાંક તો એડમિશન લેવું જ પડશે. આ એડમિશન એ બેડ મિશન ન બની રહે તે માટે ખાસ ચોક્કસ પ્રકારની કાળજી રાખવી જરૂરી છે. આ માટે એક નહીં પણ અનેક બાબતોનો વિચાર કરીને જ નિર્ણય લેવો સલાહભર્યો ગણાશે.

સૌ પ્રથમ તો તમે તમારા જીવનનું મિશન-ધ્યેય નકકી કરો. પણ આ માટે તમે પૂરતા પરિપકવ અને કાબેલિયત ધરાવો છો? કારણ કે ધો.૧૦-૧૨ વખતે તમારી પાસે કદાચ એટલા અનુભવ કે પરિપકવતા ન પણ હોય કે જેના આધારે તમે તમારા જીવનનું ધ્યેય નક્કી કરી શકો. જો આવું હોય તો તમને જે સારી રીતે ઓળખી શકતું હોય- તમારી શક્તિ અને મર્યાદાથી જે પરિચિત હોય તેવા તમારા મા-બાપ-શિક્ષક કે સગાંની મદદ લઇ શકો છો. આમ છતાં આ દુનિયામાં કોઇપણ વ્યક્તિ માટે કશુંજ અશક્ય નથી. તે માટે મનનો અડગ નિર્ધાર અને તે પ્રમાણેની સખત સખત મહેનત તમને તમારા ધ્યેય સુધી પહોંચાડી શકે છે.  સૌ પ્રથમ તમે ભવિષ્યમાં શું કરવા-શું બનવા માંગો છો તે નક્કી કરો. તે ધ્યેય સુધી પહોંચવા માટે જે અભ્યાસક્રમ મદદરૂપ થતો હોય તે અભ્યાસક્રમ પસંદ કરો. જેમકે તમારે એન્જિનીયર બનવું હોય તો તમારે ધો.૧૦ પછી વિજ્ઞાનપ્રવાહ જ પસંદ કરવો પડે કે તમારે સી.એ. થવું હોય તો વાણિજ્યપ્રવાહ જ પસંદ કરવો પડે.

અભ્યાસક્રમની પસંદગી વખતે તમારી આર્થિક સ્થિતિનો પણ ખ્યાલ રાખો. કારણકે ઉચ્ચ અભ્યાસક્રમ માટે તમારે ખર્ચ પણ કરવો પડશે. તો તમે પસંદ કરેલ અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટે થનાર તમામ ખર્ચ તમારા વાલી પાસેથી કે અન્ય કોઇ પણ રીતે તમે મેળવી શકો તેમ છો?  ક્યારેક એવું બને છે કે તમારા ધ્યેય સુધી પહોચવા માટે ખૂબ જ મોટા પ્રમાણમાં ખર્ચ થવાનો હોય અને તે તમારાથી શક્ય ન હોય તો તમારે અભ્યાસક્રમ પસંદગી કરતી વખતે આ બાબતની કાળજી રાખવી જોઇએ. તમારા વાલી ખર્ચ પહોંચી વળે તેમ ન હોય પણ સગાં દ્ધારા કે બેંક લોન દ્ધારા એ શક્ય બનશે? કેટલું અને ક્યારે અને કેવી રીતે એ બધાં પાસાંનો પણ વિચાર કરી લેવો જોઇએ. આ ઉપરાંત બીજા સ્રોત દ્ધરા નાંણાં ઉભા કર્યા હોય તો અભ્યાસક્રમ પૂર્ણ કરી રહ્યાં પછી તે નાણાં પાછા આપી શકાય અને તમારું ઘર ચલાવી શકો તે મુજબનું આયોજન શક્ય છે?

અભ્યાસક્રમ પસંદ કરતી વખતે તમારા રસ-રુચિ ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. ખુબ જ સારો ગણાતો અભ્યાસક્રમ હોય પણ તે પ્રત્યે તમને સહેજ પણ લગાવ નથી કે રસ નથી તો તમે અભ્યાસક્રમ પૂર્ણ કરી શકશો,પણ ભવિષ્યમાં સફળ નહીં થઇ શકો. માટે જ રસ ન હોય તેવા વિષયો પસંદ જ ન કરો. સાથે અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટે તમારી શક્તિ-આવડત અને કૌશલ્ય તમારી પાસે હોવાં જોઇએ. જેમકે શારીરિક શિક્ષણના શિક્ષક બનવા માગતો વિદ્યાર્થી દુબળો-પાતળો અને સહેજવારમાં થાકી જતો હોય તો તે ક્યાંથી એવો શિક્ષક બની શકશે? પ્રાથમિક શિક્ષક બનવા માટે નાના બાળકો માટે પ્રેમ હોવો જોઇએ, ડૉક્ટર બનવા માટે વાઢકાપની ચીડ ન હોવી જોઇએ. ટૂંકમાં અભ્યાસક્રમ માટે જરૂરી શક્તિ અને કૌશલ્ય હોવાં જોઇએ સાથે જ બાધારૂપ બને તેવી કોઇ ચીજ આપણામાં ન હોવી જોઇએ. તો જ તમે તમારા ધ્યેયને સાકાર કરી શકશો. ડિગ્રી આવી એટલે જગ જિત્યાં તેવું રખે માનતાં, ડિગ્રીની સાથે રસ-રૂચિ અને કૌશલ્ય હશે તો જ તમે સફળ વ્યક્તિ બની શકશો. તમે જોતાં હશો કે તમારા વિસ્તારમાં ઘણાં

ડૉક્ટર હશે. એકના દવાખાને લાઇન લાગે છે અને બીજાના દવાખાને ભાગ્યેજ કોઇ દર્દી જાય છે. ડિગ્રી તો બંને પાસે છે પણ આવું કેમ?

દરેક વ્યવસાય સાથે કેટલાંક મૂલ્યો અને સિદ્ધાંતો જોડાયેલાં છે. શું તમારો સમાજ અને તમારી જાત આ મૂલ્યોને સારી રીતે સાચવી શકશે? નિભાવી શકશે? તમારી માન્યતા જે તે અભ્યાસક્રમ સાથે રહેલા મૂલ્યોના ચોકઠામાં ફીટ થાય છે? આ ઉપરાંત દરેક અભ્યાસક્રમનું પોતાનું આગવું મૂલ્ય હોય છે. તે મૂલ્યને હાંસલ કરવા માટે જરૂરી સમય-શક્તિ અને નાણાં તમે ખર્ચી શકો તેમ છો? કેટલાંક અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટે ખૂબ જ લાંબો સમય ધીરજ ધરવી પડે છે. શું તમે તે માટે તૈયાર છો? ખૂબ જ અઘરા ગણાંતા અભ્યાસક્રમોમાં ક્યારેક ગુલ્લી પણ વાગે તો આ માટે તમે અને તમારું કુટુંબ અત્યારથી જ તૈયાર છો?

તમે પસંદ કરેલ અભ્યાસક્રમનું સામાજિક મૂલ્ય કેટલું છે તે પણ તમે જુઓ. તમારી શક્તિ અને આવડત ઉચ્ચ કક્ષાના હોય તો તમારે પોતાની જાત પર વિશ્વાસ રાખીને ઉચ્ચ ગણાંતા અભ્યાસક્રમને જ પસંદ કરવો જોઇએ. આમ તો કોઇ પણ અભ્યાસક્રમ નાનો-મોટો, સારો-ખરાબ નથી. પણ તે અભ્યાસક્રમ તમે કેવી રીતે પૂર્ણ કરો છો, તે અભ્યાસક્રમ બાદ તમે કેટલી નવીનતાભરી રીતે કામ કરી શકો છો તેના આધારે જ તમે સફળ કે અસફળ સાબિત થાઓ છો.

તમે જે અભ્યાસક્રમ પસંદ કરો તે વિશે ભવિષ્યમાં તમારે જોઇતી મદદ તમને તમારાં કુટુંબ કે સગાં તરફથી મળી શકે તેમ છે? જેમકે એન્જિનીયરનું સંતાન એન્જિનીયર બને કે ડૉક્ટરનું સંતાન ડૉક્ટર બને કે સી.એ. થયેલા કોઇ વ્યક્તિનું સંતાન એકાઉન્ટનો કોઇ અભ્યાસક્રમ પસંદ કરે તો તેને અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી પોતાનું નવું સ્થાન ઊભું કરવામાં મુશ્કેલી ઓછી પડશે. કદાચ તેને તો તૈયાર થાળી પર જ બેસવાનો વારો આવે. જો આવું કાંઇ હોય તો પોતાના વાલીના કે સગાંનાં વ્યવસાયને ધ્યાનમાં રાખીને નવો અભ્યાસક્રમ પસંદ કરવામાં આવે તો તેમાં કશું જ નુકશાન જવાનું નથી. પણ હા જે તે વ્યવસાય માટે તમને રસ-રુચિ અને શક્તિ હોવાં જોઇએ. નહીં તો તમારાં વડિલોએ કરેલી મહેનત ને તમે બે-પાંચ વર્ષમાં જ ધૂળમાં મેળવી દેશો.

શું ના કરશો? પ્રથમ તો વધારે વ્યક્તિઓ પાસે  સલાહ ન લો. કારણ કે દરેક વ્યક્તિની વિચારધારા-માન્યતા જુદી જુદી હોય છે. પરિણામે વધુ વ્યક્તિ પાસેથી તમને એક જ પ્રકારનો વિચાર નહીં મળે. તમે ગૂંચાઇ જશો. માટે જ વધુ અનુભવી હોય અને જે તમારી શક્તિ અને મર્યાદાથી પરિચિત હોય તેની પાસેથી જ માર્ગદર્શન લો. દેખાદેખીથી કોઇ નિર્ણય ન લો. તમારા મિત્રએ લીધેલો નિર્ણય તેના માટે સાચો હોઇ શકે, પણ તમારી આવડત-પરિસ્થિતિ અને રસના ચોકઠામાં ફીટ ન પણ થતો હોય.બીજીખાસ અગત્યની બાબત એ છે કે જ્યારે કોઇની પાસે સલાહ લેવા જાવ કે કોઇ નિર્ણય કરો ત્યારે કોઇ ગ્રંથી રાખીને ન કરો. કેટલીકવાર સલાહ લેવા જનાર વિદ્યાર્થી ચોક્કસ ગ્રંથી રાખીને સામેની વ્યક્તિ પાસેખોટી દલીલો કરતાં હોય છે. આથી સલાહ આપનાર કંટાળીને તમે બરાબર છો તેમ કહીને તમારાથી છૂટકારો મેળવવાનો પ્રયત્ન કરે છે. માટે તમારે બોલ્યાં કરતાં વધુ સાંભળવાનું છે અને મનમાં રહેલી મૂંઝવણ વ્યક્ત કરીને પ્રશ્નો પૂછી જરૂરી માહિતી મેળવવાની છે. બે-ત્રણ જગ્યાએથી મેળવેલ માહિતીનું પૃથક્કરણ કરીને તમારે તમારા માટેનો નિર્ણય નક્કી કરવો જોઇએ. અને હા, જે સંસ્થામાં પ્રવેશ લેવાનું વિચારો છો તે સંસ્થા વિશે પણ માહિતી મેળવો. તેના સંચાલક મંડળનો મુખ્ય હેતુ જાણો, પૈસા કમાવા માટે કોલેજ ખોલી છે કે સામાજિક કાર્ય માટે તે જાણો પછી પ્રવેશ મેળવો. નવા મિશન માટે શુભેચ્છા ........